Kajal.

Name :- Sangar Kajal Bhimji Bhai

Sem :- B.A. T.Y sem :- 06

Roll no :- 307

Subject :- COC - sem :- 01

PRN No :- COC2025307

Paper name :- Banking and Finance.

Paper code :- MJ - BAF - 101

Signature :- Kajal.

Sangar Kajal B.

Kajal.

Question : 01

આર બી આઈની નાણાકીય નીતી વિસ્તૃત રીતે સમજાવો.

" નાણાકીય નીતિ એટલે અર્થતંત્રમાં નાણાની માંગ અને નાણાના પુરવઠાનું સંચાલન અને નિયંત્રણ કરવા અંગેની નીતિ "

પ્રસ્તાવના :

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા [RBI] ભારતનું કેન્દ્રીય બેંક છે, જે 1935 માં સ્થાપિત થયું હતું. તેનું મુખ્ય કાર્ય ભારતની આર્થિક સ્થિરતા જાળવવાનું છે, જેમાં નાણાકીય નીતિ એક મહત્વપૂર્ણ ભાગ છે. નાણાકીય નીતિ દ્વારા RBI આર્થિક વૃદ્ધિ, મોંઘવારી ના નિયંત્રણ, રોજગારી અને નાણાકીય ક્ષેત્રની સ્થિરતા પર અસર કરે છે. આ નીતિને RBI ની મોનિટરી પોલિસી કમિટી દ્વારા નક્કી કરવામાં આવે છે, જે 2016 માં સ્થાપિત છે અને તેમાં 6 સભ્યો હોય છે.

નાણાકીય નીતિ શું છે? :

નાણાકીય નીતિ એ એક એવા સાધનોનો સમૂહ છે જેનો ઉપયોગ રાષ્ટ્રની મધ્યસ્થ બેંક દ્વારા અસરકારક નાણાંના પુરવઠાને નિયંત્રિત કરવા અને આર્થિક

Sangar Keyal B.

Keyal.

વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવે છે.

નાણાકીય નીતિના પ્રકારો :-

-> નાણાકીય નીતિના ત્રણ પ્રકારો છે:

1. વિસ્તારવાદી નાણાકીય નીતિ.
2. સંકોચવાદી નાણાકીય નીતિ
3. તટસ્થ નાણાકીય નીતિ.

આ ત્રણે નાણાકીય નીતિઓના પ્રકારો દેશના આંતરિક અર્થતંત્ર ઉપર અને અન્ય દેશો સાથેના આર્થિક વેપાર ઉપર અલગ- અલગ અસરો ઉત્પન્ન કરે છે.

* વિસ્તારવાદી નાણાકીય નીતિ :-

" પૈસા વધારો, વ્યાજ ઘટાડો, અર્થતંત્રને [illegible]."

લક્ષણો	વર્ણન
ઉદ્દેશ્યો	આર્થિક વૃદ્ધિ વધારવી બેરોજગારી ઘટાડવી, મંદી દૂર કરવી.
અસર	લોન સસ્તી -> રોકાણમાં ↑ ખર્ચ વધે -> ઉદ્યોગોને સારા GDP વૃદ્ધિ ↑

Sanjar Kajal B.

Date
Page

ઉદાહરણ.

જોખમ	મોંઘવારી વધી શકે.

2. સંકોચનવાદી નાણાકીય નીતિ

" પૈસા ~~ઉધાર~~ ઘટાડો, વ્યાજ વધારો મોંઘવારી રોકો "

લક્ષણ	વર્ણન
ઉદ્દેશ્ય	મોંઘવારી નિયંત્રણ, અર્થતંત્રમાં 'ઓવર હીટ' થતાં અટકાવવું.
સાધનોનો ઉપયોગ	રિપો રેટ વધારો CRR/SLR વધારો OMO દ્વારા બોન્ડ્સ વેચાણ રિવર્સ રિપો વધારવો.
જોખમ	વૃદ્ધિ ધીમી પડી શકે.
અસર	લોન મોંઘી -> ખર્ચ ઘટે ક્રેડિટ ઘટે -> માંગ ઘટે મોંઘવારી
ઉદાહરણ [2022-23]	મોંઘવારી 7.8% પર -> રિપો રેટ 2.50% સુધી વધાર્યા. OMO થી ₹2 લાખ કરોડ શોષાયા -> CPI 5% નીચે આવી.

Sangar Kajal B.

Date ______
Page ______

Kajal.

3. તટસ્થ નાણાકીય નીતિ :

ઃ સંતુલન જાળવી વધારો ન ઘટાડો:

લક્ષણ	વિવરણ
ઉદ્દેશ્ય	મોંઘવારી અને વૃદ્ધિ વચ્ચે સંતુલન
સ્થિતિ	જ્યારે અર્થતંત્ર સ્થિર હોય [CPI - 4%, GDP 7%]
સાધનો	રેટમાં કોઈ ફેરફાર નહીં લિક્વિડિટી સ્થિર રાખવી OMO / MSF નો મર્યાદિત ઉપયોગ
અસર	અર્થતંત્ર સ્થિર ગતિએ ચાલે.
ઉદાહરણ	ઓગસ્ટ વર્ષ 2025 માં રેપો 6.50% પર સ્થિર CPI 4.8% GDP 7% Neutral Stance.

* નાણાકીય નીતિના મુખ્ય ઉદ્દેશો:

RBI ની નાણાકીય નીતિના મુખ્ય હેતુઓ

Songara Kejal B.

Kejal.

નીચે મુજબ છે.

1. મોંઘવારી નિયંત્રણ :-

RBI નો પ્રાથમિક હેતુ ૪%.

મોંઘવારી (CPI આધારિત) જાળવવાનો લક્ષ્ય ૪%. રાખવામાં છે. આ 2016 ના નાણાકીય નીતિ ફ્રેમવર્ક હેઠળ નક્કી થયું છે.

2. આર્થિક વૃદ્ધિ :-

GDP વૃદ્ધિ ને પ્રોત્સાહન આપવા વ્યાજ દરોમાં નરમાશ વૃદ્ધિના સમયે.

3. નાણાકીય સ્થિરતા;

બેંકોમાં મૂડીની પર્યાપ્તતા, લિક્વિડિટી અને નાણાકીય જોખમનું નિયમન જાળવવું.

4. રોજગારી અને વિનિમય દર :-

રોજગારી વધારવી અને રૂપિયાના મૂલ્યને સ્થિર રાખવું

* 5. નાણાકીય નીતિના સાધનો :-

Sangar Keyur B.

Essay.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એની નાણાંકીય નીતિને અમલમાં મૂકવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ સાધનોનો ઉપયોગ કરે છે. આ સાધનો દ્વારા RBI લિક્વિડિટી (પૈસાના પુરવઠો), વ્યાજ દર અને બેંકોની ક્રેડિટ આપવાની ક્ષમતાને નિયંત્રિત કરે છે.

1. પ્રત્યક્ષ સાધનો :-

આ સાધનો પૈસાના પુરવઠાને સીધી અસર કરે છે અને તેનો પ્રભાવ આખા અર્થતંત્ર પર પડે છે.

સાધન : 1. રિપો રેટ

* ઉદ્દેશ્ય :- મોંઘવારી નિયંત્રણ અને વ્યાજ દરનું નિર્ધારણ.

* વર્ણન :- RBI બેંકોને ટૂંકા ગાળાની લોન આપે છે તેના પરનો વ્યાજ દર. બેંકો તેમની સિક્યોરિટીઝ (બોન્ડ્સ) RBI ને ગીરવે મૂકી લોન લે છે.

* અસર :- વધારો -> લોન મોંઘી -> ક્રેડિટ ઘટે -> મોંઘવારી ઘટે.
ઘટાડો -> લોન સસ્તી -> ક્રેડિટ વધે -> વૃદ્ધિ વધે.

*2. રિવર્સ રિપો રેટ :-

Sangar Kejal B.

Date ________
Page ________

[illegible].

વ્યાખ્યા :- RBI બેંકો પાસેથી અતિરિક્ત નાણાં લે છે તેના પરનો વ્યાજ દર.

ઉદ્દેશ્ય :- બજાર માંથી પૈસા શોષી લેવા.

અસર :- બેંકોને RBI માં પૈસા જમા કરાવવા પ્રોત્સાહન -> લિક્વિડિટી ઘટે.

ઉદાહરણ (2025) : 6.25% (રેપો રેટ કરતાં 0.25% ઓછો દર)

3. કેશ રિઝર્વ રેશિયો (CRR) :- બેંકોએ તેમની જમા રકમનો ટકા RBI માં જમા રાખવો.

ઉદ્દેશ્ય :- બેંકોની ક્રેડિટ આપવાની ક્ષમતા ઘટાડવી / વધારવી.

અસર :- વધારો -> બેંકો પાસે ઓછા પૈસા -> ક્રેડિટ ઘટે ઘટાડો -> વધુ ક્રેડિટ.

ઉદાહરણ :- 4.50 (સ્થિર)

4. માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી :-

વ્યાખ્યા :- બેંકો ઇમરજન્સીમાં

Sanyar Kajal B.

Date
Page

Kajal.

રિપો રેટ ₹ 0.25% પર RBI પાસેથી લોન લઈ શકે.

ઉદ્દેશ્ય :- લિક્વિડિટી કટોકટીમાં મદદ.

અસર :- બેંકોને અંતિમ ઉપાય આપે.

ઉદાહરણ (2025) :- 6.75%.

2. પરોક્ષ સાધનો :-

આ સાધનો ક્રેડિટના વિતરણને નિયંત્રિત કરે છે અને ચોક્કસ સેક્ટરો પર અસર કરે છે.

સાધન	વર્ણન	ઉદ્દેશ્ય	ઉદાહરણ
ઓપન માર્કેટ ઓપરેશન્સ	RBI સરકારી બોન્ડ્સ ખરીદે/વેચે છે.	બજારમાં લિક્વિડિટી વધારવી/ઘટાડવી.	ખરીદી → પૈસા બજારમાં લિક્વિડિટી વધે.
માર્જિનલ રિક્વાયરમેન્ટ્સ	ક્રેડિટ લોન ગીરવે મૂકવાની રકમ વધારવી.	ચોક્કસ સેક્ટરોમાં ક્રેડિટ ઘટાડવી	રિયલ એસ્ટેટમાં બબલ હોય તો માર્જિન વધારવી.
મોરલ સુઆસન ~~[illegible]~~	RBI બેંકોને સલાહ/દબાણ આપે છે.	નીતિનું પાલન કરાવવું.	"કૃષિ ક્ષેત્રોને વધુ લોન આપો"

Sangar Kajal B.

રિઝર્વ.

ક્રેડિટ રેશનિંગ	RBI ચોક્કસ ક્ષેત્રો માટે ધિરાણ મર્યાદા નક્કી કરે.	પ્રાથમિકતાવાળા ક્ષેત્રોમાં ક્રેડિટ દોરવી.	લક્ઝરી કાર લોન પર મર્યાદા.

3. આધુનિક મહત્ત્વના સાધનો :-

સાધન	લક્ષણો	ઉપયોગ
લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી (LAF)	રેપો + રિવર્સ રેપો નું સંયોજન.	રોજની લિક્વિડિટી નિયંત્રણ.
ટર્મ રેપો ઓપરેશન્સ	7, 14, 28 દિવસ ની લોન	મધ્યમ ગાળાની લિક્વિડિટી શોષણ.
વેરિયેબલ રેટ રિવર્સ રેપો (VRRR)	બજાર વ્યાજ દર સાથે રિપો.	લિક્વિડિટી શોષણ

મોનેટરી પોલિસી કમિટી (MPC)

સભ્યો: ગવર્નર, ડેપ્યુટી ગવર્નર, બાહ્ય ત્રણ નિષ્ણાતો.

બેઠકો:- વર્ષમાં 6 વખત જેમાં નાણાકીય નીતિના રિઝોલ્યુશન પર મતદાન થાય છે.

Sangar Kajal B.

Kajal.

* નાણાકીય નીતિની વિવિધ અસરો :-

→ નાણાકીય નીતિની વિવિધ અસરો નીચે પ્રમાણે છે.

1. આર્થિક વૃદ્ધિ :-

વ્યાજ દર ઘટાડીને અને પૈસા નો પુરવઠો વધારીને રોકાણ અને ખર્ચ વધે છે. જેનાથી GDP વૃદ્ધિ થાય છે.

2. ફુગાવો :-

નીચા વ્યાજદર થી માંગ વધે છે. જેનાથી ફુગાવો વધી શકે છે.

3. બેરોજગારી :-

વિસ્તારકારી નીતિથી વ્યવસાયો વધુ રોકાણ કરે છે. જેનાથી નોકરીઓ વધે છે.

4. બેંકો અને નાણાકીય સ્થિરતા :-

CRR, SLR જેવા સાધનો થી બેંકોની લિક્વિડિટી નિયંત્રિત થાય છે.

* નાણાકીય નીતિની આયાત અને નિકાસ- કારો પર ની અસરો :-

નાણાકીય નીતિ મુખ્યત્વે વિનિમય

Sangar Kajal B.

Date ____
Page ____

વિષય.

દર, વ્યાજદર અને અર્થતંત્રની માંગને પ્રભાવિત કરીને આયાત અને નિકાસ પર અસર કરે છે. જે નીચે પ્રમાણે છે.

1. વિનિમય દર પર અસર:-

- વિસ્તરણકારી નીતિ:-
  વિદેશી મૂડી બહાર વહે છે. જેનાથી સ્થાનિક કરન્સી નબળી પડે છે.

- સંકોચનકારી નીતિ:-
  વિદેશી મૂડી આકર્ષાય છે. જેનાથી કરન્સી મજબૂત થાય છે.

2. માંગ અને ફુગાવા પર અસર:

- વિસ્તરણકારી નીતિ:-
  અર્થતંત્રમાં માંગ વધે છે, જેનાથી સ્થાનિક વસ્તુઓની માંગ વધે → આયાત વધી શકે પરંતુ ફુગાવો વધે નિકાસ કારનો ખર્ચ વધે.

- સંકોચનકારી નીતિ:-
  માંગ ઘટે છે → આયાત ઘટે ફુગાવો

* નાણાંકીય નીતિની આયાત અને નિકાસકાર

3. ફુગાવો અને રોકાણ પર અસર:-

Sangar Kajal B.

Kajal

→ નીચા વ્યાજદરથી લોન સસ્તી થાય છે → નિકાસકારો અને આયાતકારો બંને વ્યવસાય વિસ્તારી શકે પરંતુ વિનિમય દરની અસર વધુ પ્રબળ હોય છે.

→ ઊંચા વ્યાજદરથી ક્રેડિટ મોંઘુ થાય છે. → વ્યવસાયો ના વિસ્તરણમાં અવરોધો, જે આયાત નિકાસને અસર કરે છે.